# વટવા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન

**Regn. No. : F/10120**
પ્લોટ નં.-૫૧૧, ફેઝ-૪, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૫.
ફોન : (૦૭૯) ૨૫૮૩૩૪૯૬, ૨૫૮૯૦૯૬૧ ફેક્સ : (૦૭૯) ૨૫૮૩૪૫૬૧
**E-mail : info@vatvaassociation.org**

VIA
VATVA INDUSTRIES ASSOCIATION

*વીઆઈએ/૨૦૧૨-૧૩/૧૯/૭૨૬* *તા. ૧-૫-૨૦૧૩*

## અગત્યનો પરિપત્ર

સભ્ય મિત્રો / ઉદ્યોગકાર મિત્રો,

### "આપણી વટવા ઔદ્યોગિક વસાહતની માળખાકીય સુવિધાઓની જાળવણી અંગે"

આપશ્રી વિદિત છે તેમ જી.આઈ.ડી.સી. વટવા ઔદ્યોગિક વસાહત ખાતે વટવા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા માળખાકીય સુવિધાઓ જેવી કે રોડ, સ્ટોર્મ વોટર ડ્રેઈન વગેરેનું કામ થયેલ છે. આ માળખાકીય સુવિધાઓ આપણી વસાહતને ઘણી મહેનત બાદ મળેલ છે. આ સુવિધાઓની જાળવણી કરવાની દરેક ઔદ્યોગિક એકમની ફરજ છે. જેમાં આપ સૌનો સાથ સહકાર જરૂરી છે. તે સંબંધી નીચેના મુદ્દાઓ ધ્યાનમાં લેવા વિનંતી છે.

કોઈપણ ઔદ્યોગિક એકમના એલોટેડ શેડ / પ્લોટની બહારની જગ્યા સાર્વજનિક છે અને તેમાં કોઈપણ એકમની માલિકી નથી. તેથી જે તે એકમને તેમનાં પ્લોટ / શેડની બહાર કોઈપણ કાર્ય કરતા પહેલાં વટવા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ લિમિટેડ (વેલ)ને જાણ કરવાની જરૂરી હોય છે તથા તેની મંજુરી લેવાની રહે છે.

### ★ યુટીલીટી સર્વિસીસ :

૧. દરેક એકમને ખાસ ધ્યાન દોરવામાં આવે છે કે વિવિધ પ્રકારની યુટીલીટી સર્વિસીસ જેવી કે વોટર લાઈન, વીજળી લાઈન, ટેલીફોન લાઈન, ગેસ લાઈન, એફ્લ્યુઅન્ટ નાખતા પહેલા પૂર્વમંજૂરી તથા તેને લગતાં ચાર્જીસ ભરવા જરૂરી છે. આ ચાર્જીસ ભરવાની જવાબદારી જે તે યુટીલીટી સર્વિસીસ (પાણી પુરવઠા લાઈન તથા એફ્લ્યુઅન્ટ લાઈન સિવાય)ની જ છે.

૨. પાણી પુરવઠા લાઈન તથા એફ્લ્યુઅન્ટ લાઈનનું રીપેરીંગ અથવા નવી લાઈન નાંખવા જે તે એકમે વટવા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન / વેલને તેના નકશા સહિત અરજી આપવાની રહેશે તથા તે મુજબ નક્કી થયેલ ચાર્જીસ "વેલ"માં ભર્યા બાદ મંજુરી મળવાપાત્ર રહેશે. આ નિયમનું ઉલ્લંઘન થતાં જે તે એકમ દંડકીય કાર્યવાહીને પાત્ર રહેશે તેની ખાસ નોંધ લેવા વિનંતી છે. પાણી પુરવઠા તથા એફ્લ્યુઅન્ટ લાઈનનો આ ખર્ચ વસાહતના એકમે ઉઠાવવાનો હોઈ તેમને આ ચાર્જીસમાં રાહત આપશે.

### ★ માળખાકીય સુવિધા :

હાલની અપગ્રેડ કરેલ માળખાકીય સુવિધાઓની જાળવણી માટે દરેક એકમ શિસ્તબધ્ધ રીતે પ્રયત્ન કરવો જરૂરી છે. આ માટે નીચે મુજબના નિયમોનું પાલન કરવાનું રહેશે.

- દરેક એકમના ફ્રન્ટેજની જાળવણીની જવાબદારી, નિભાવખર્ચ નીચે જણાવ્યા મુજબ જે તે એકમે કરવાનો રહેશે.
- કમ્પાઉન્ડ વોલથી રોડ વચ્ચેના માર્જીનમાં ગેરકાયદેસર બાંધકામ કરવું નહિં. તથા કોઈપણ પ્રકારનો કચરો / ઈન્ડસ્ટ્રીયલ વેસ્ટ વગેરે જમા થવા દેવો નહિ. આ માર્જીન એરીયા સમથળ રીતે જાળવવો.

P.T.O.

- દરેક એકમની ફ્રન્ટેજ જેટલી વરસાદી પાણીની નીકની સફાઈની જવાબદારી જે તે એકમની પોતાની રહેશે.
- રોડ ઉપર આવેલ ફ્રન્ટેજ જેટલી રેતી / કચરાની સફાઈની જવાબદારી પણ જે તે એકમની પોતાની રહેશે.

ઉપરોક્ત જણાવેલ કોઈપણ નિયમનું પાલન ન થતાં જે તે એકમ દંડકીય કાર્યવાહીને પાત્ર રહેશે.

### ★ મિલ્કત વેરો ભરવા અંગે :

જી.આઈ.ડી.સી. વટવા ઔદ્યોગિક વસાહતની તમામ મિલ્કતો જેવી કે પ્લોટ, શેડ, દુકાનો, ઓફિસો કોઈપણ જાતના કોમર્શિયલ બાંધકામોને પોતાના મિલ્કતનો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો જુનો તથા નવા મિલ્કત વેરા (પ્રોપર્ટી ટેક્ષ) સત્વરે ભરવા અનુરોધ કરવામાં આવે છે.

વધુમાં જણાવવાનું કે વટવા ઔદ્યોગિક વસાહતનાં ટેક્ષ બીલોની કામગીરી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના દક્ષિણ ઝોન - મણિનગર ખાતે થતા હતા. હવે ૨૦૧૨-૧૩ વર્ષથી આ કાર્યવાહી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પૂર્વ ઝોન - વિરાટનગર ખાતેથી શરૂ થયેલ છે. જે પ્રોપર્ટી ટેક્ષ બીલમાં વોર્ડ નંબર / ટેનામેન્ટ નંબર બદલાયેલ આવશે તેમજ ટેક્ષ અંગેની કામગીરી પૂર્વ ઝોનમાંથી થશે જેની નોંધ લેવા વિનંતી છે.

### ★ ગટર લાઈન :

જી.આઈ.ડી.સી. વટવા ઔદ્યોગિક વસાહતમાં ડોમેસ્ટીક નિકાલ માટે ગટર લાઈન નાખવામાં આવેલ છે. પરંતુ તેનું મુખ્ય જોડાણ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના મેઘા પાઈપ લાઈન સાથે જોડાણની મંજુરી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી આપણને હજુ સુધી મળેલ નથી. જેથી કોઈપણ એકમે તેમનું ડોમેસ્ટીક પાણી તથા સુઅરેજનું જોડાણ મુખ્ય ગટર લાઈન સાથે જોડવું નહિં અથવા ગટર લાઈનમાં પાણીનો અન્ય રીતે નિકાલ કરવો નહિ. જો આમ કરતાં માલૂમ પડશે તો વટવા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન નિયમ મુજબ પેનલ્ટી વસુલ કરશે.

### ★ ખાનગી એસ્ટેટ :

જી.આઈ.ડી.સી. વટવા ઔદ્યોગિક વસાહતમાં આવેલ ખાનગી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના વહીવટકર્તાશ્રીઓને જણાવવાનું કે ઉપરોક્ત વિગતો તમારા એકમોના ધ્યાન ઉપર લાવવા વિનંતી છે. ખાનગી એસ્ટેટનું કોઈપણ એકમ ગફલત કરશે તો તેની જવાબદારી તેમજ પેનલ્ટીની જવાબદારી આપશ્રીની રહેશે.

### ★ ક્રેડિટ ફેસીલીટેશન સેન્ટર :

ભારતીય લઘુ ઉદ્યોગ વિકાસ બેંક (“SIDBI”) તરફથી ક્રેડિટ ફેસીલીટેશન સેન્ટર વટવા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન ખાતે પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. જેમાં સીડબી બેંક તરફથી નિયુક્ત થયેલ રીટાયર્ડ બેંક અધિકારીશ્રી રાજેશભાઈ શિવરામ કાપરે (મો.) ૯૮૯૮૦ ૧૭૨૬૩ દર સોમવાર અને મંગળવારે સવારે ૧૧.૦૦થી ૩.૦૦ સુધી નિઃશુલ્ક સેવાઓ આપે છે.

આભાર સહ,

આપનો વિશ્વાસુ
**વટવા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન વતી**

**સચીન કે. પટેલ**
**માનદ્ મંત્રી**